ક્રમાંક:- ઉશિક/પી.આર.ઓ./2025/ઇ-મેઇલ
ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરી,
બ્લોક-12/2, ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગાંધીનગર
તા. 08/09/2025

પરિપત્ર::

આથી ગુજરાત રાજ્યમાં હાલમાં પાટણ, બનાસકાંઠા અને કચ્છ જિલ્લામાં ભારે વરસાદના કારણે પુરની પરિસ્થિતીનું સર્જન થયેલ છે, આ પરિસ્થિતીમાં કોઇપણ પ્રકારની જાનહાની કે માલહાની ના થાય તેની તકેદારીના ભાગરૂપે સ્થાનિક વહિવટીતંત્રના પરામર્શમાં રહી તેઓ દ્વારા આપવામાં આવતી તમામ સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

કોલેજ અને હોસ્ટેલ ખાતે પાણી ભરાયેલ હોય તો તેના નિકાલ તેમજ પરિસરમાં વિજપ્રવાહ ધરાવતા ખુલ્લા વાયરો હોય તો સાવચેતીના ભાગરૂપે વિજ કંપનીનો સંપર્ક કરી તાકીદે સલામતીના પગલા ભરવાના રહેશે. આ પરિસ્થિતીમાં વિદ્યાર્થીઓને જાગૃત કરી ભારે વરસાદમાં સાવચેતીના તમામ પગલાથી વાકેફ કરવાના રહેશે.

વધુમાં, અન્ય જિલ્લાઓમાં પણ ભારે વરસાદના કારણે પુરની પરિસ્થિતિ ઉદ્ભવે તો તેઓએ પણ ઉપર મુજબની સાવચેતીના પગલા લેવાના રહેશે તેમજ કોલેજ/હોસ્ટેલના મકાનોને થતી ભૌતિક માલહાની થાય તો તે અંગેના વિગતવાર અહેવાલ સાથે probranch1324@gmail.com પર જાણ કરવાની રહેશે.

સંયુક્ત નિયામક
ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરી
ગાંધીનગર ગુ.રા.

પ્રતિ,

- **આચાર્યશ્રી**, સરકારી/ગ્રાન્ટ ઇન એઇડ કોલેજો(તમામ)
- **રજીસ્ટ્રારશ્રી**, યુનિવર્સિટી (તમામ)